ચૂંટણી તંત્રનો આખો દિવસ તૈયારીઓનો ધમધમાટ, કર્મયોગીઓ કામે લાગ્યા

(પ્રતિનિધિ) વડોદરા,તા.25

આજે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ-૨૦૨૬ના આગલા દિવસે મતદાન નિમિત્તે ચૂંટણી તંત્ર સજ્જ બન્યુ હતુ જેમાં સુચારુ અને પારદર્શક સંચાલન માટે વડોદરા જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા તમામ પૂર્વ તૈયારીઓ સઘન બનાવવામાં આવી છે. આ કામગીરીના ભાગરૂપે આજે વડોદરાના દિવાળીપુરા ખાતે આવેલી સરકારી નર્સિંગ કોલેજમાં વડોદરા મહાનગરપાલિકાના વોર્ડ નં. ૭, ૮ અને ૯ માટે ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (ઈ. વી. એમ.)ની ફાળવણી અને રવાનગીની કામગીરી હાથ ધરવામાં આવી હતી. મતદાન પ્રક્રિયા નિર્વિઘ્ને અને ક્ષતિરહિત રીતે સંપન્ન થાય તે સુનિશ્ચિત કરવા વડોદરાના નિવાસી અધિક કલેક્ટર બી. એસ. પટેલ તેમજ આ ત્રણેય વોર્ડના ચૂંટણી અધિકારી વી. કે. સાંબડ દ્વારા સરકારી નર્સિંગ કોલેજ ખાતે ઊભા કરવામાં આવેલા ફાળવણી અને રવાનગી કેન્દ્રની રૂબરૂ મુલાકાત લેવામાં આવી હતી.

■ વડોદરા મહાનગર પાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની બેઠકો માટે સંબંધિત પ્રતિપ્રેષક અધિકારીઓ દ્વારા નિયત કરાયેલા રવાનગી કેન્દ્રો ઉપરથી આ ચૂંટણીકર્મીઓ રવાના થયા હતા. કલેક્ટર ડો. અનિલ ધામેલિયાએ હરણી સમા રોડ ઉપર આવેલી પીએમશ્રી કેન્દ્રીય વિદ્યાલય - ૨ ખાતેના વોર્ડ નંબર ૪, ૫ અને ૬ના રવાનગી કેન્દ્રની મુલાકાત લીધી હતી. અહીં ચૂંટણીકર્મીઓ માટે કરાયેલી વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું હતું.

ભરૂચમાં ટ્યુશન ક્લાસ પાસેથી મહિલાની જ્યુપિટર બાઈક ચોરી

(પ્રતિનિધિ) ભરૂચ,તા.25

ભરૂચ શહેરમાં એક મહિલાની ટી.વી.એસ. જ્યુપિટર બાઈક ટ્યુશન ક્લાસની બહારથી ચોરી થયાની ઘટના પ્રકાશમાં આવી છે. આ અંગે ભરૂચ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર,રહાડપોર ગામ, ચાવજ રોડ પર રંગઉપવન સોસાયટીમાં રહેતા શિતલબેન નિરેનભાઈ પટેલની માલિકીની GJ-16-EE-2789 નંબરની TVS જ્યુપિટર બાઈક ગત તા. 18 એપ્રિલ 2026ના રોજ ચોરી થઈ હતી. શિતલબેનની પુત્રી તીથી પટેલ આ બાઈક લઈને મિષ્કો ચોકડી પાસે આલ્ફા આર્કેડમાં આવેલા ફિઝિક્સવાલા ટ્યુશન ક્લાસમાં ગઈ હતી. સવારે લગભગ દસ વાગ્યાના સમયે તેણે બાઈક ક્લાસની પાછળની ખુલ્લી જગ્યામાં પાર્ક કરી હતી. જોકે, બપોરે પોણા ત્રણ વાગ્યે ટ્યુશન પૂરું થયા બાદ તે પાર્કિંગ સ્થળે પહોંચી તો બાઈક ગાયબ હતું. આ બનાવની જાણ થતાં જ પરિવાર દ્વારા આસપાસના વિસ્તારમાં સઘન શોધખોળ કરવામાં આવી હતી.

યુવકના મોતના પગલે હોસ્પિટલ સંચાલક મંડળ દ્વારા વધુ કાર્યવાહી હાથ ધરાઇ

વડોદરામાં શ્વાસ લેવાની તકલીફથી 37 વર્ષીય યુવકનું મોત, પરિવારમાં શોકની લાગણી

(પ્રતિનિધિ), વડોદરા. તા.25

વડોદરા શહેરના અલકાનગર વિસ્તારમાં આવેલા એફસીઆઈ ગોડાઉન પાસે રહેતા એક 37 વર્ષીય યુવકનું શ્વાસ લેવામાં તકલીફ થવાને કારણે અચાનક મોત નીપજતા પરિવારજનોમાં શોકની લાગણી ફરી વળી છે.

અચાનક બનેલી આ દુખદ ઘટના અંગે પ્રાપ્ત વિગતો અનુસાર, મૃતક લિખિત સતીશ બક્ષી (ઉંમર 37 વર્ષ) ને શુક્રવારે રાત્રે લગભગ 11:30 વાગ્યાના અરસામાં પોતાના ઘરે અચાનક શ્વાસ લેવામાં ભારે તકલીફ અનુભવાઈ હતી. ઘટનાની જાણ થતા પરિવારજનો ગભરાઈ ગયા હતા અને ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને તેમને તાત્કાલિક સારવાર

અર્થે વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે, હોસ્પિટલ પહોંચતા જ ફરજ પરના તબીબોએ તેમને તપાસીને મૃત જાહેર કર્યા હતા. યુવાન વયે લિખિત બક્ષીના આકસ્મિક અવસાનથી તેમના પરિવારજનો અને આસપાસના રહીશોમાં ભારે આઘાત જોવા મળ્યો છે. હોસ્પિટલ દ્વારા આ મામલે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. યુવાનના નિધનથી તેમના સ્વજનો પર આભ ફાટી પડ્યું છે.

પશ્ચિમ રેલ્વે બાંદ્રા ટર્મિનસથી ગોરખપુર સુધી અનરિઝર્વ્ડ સ્પેશિયલ ટ્રેન ચલાવશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.25

પશ્ચિમ રેલ્વે ઉનાળાની ઋતુ દરમિયાન મુસાફરોને સુવિધા આપવા અને તેમની મુસાફરીની માંગને પહોંચી વળવા માટે બાંદ્રા ટર્મિનસથી ગોરખપુર સુધી ખાસ ભાડા પર અનરિઝર્વ્ડ સ્પેશિયલ ટ્રેન ચલાવશે. પશ્ચિમ રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી દ્વારા જણાવ્યા અનુસાર, ટ્રેન નં. 09157 બાંદ્રા ટર્મિનસ - ગોરખપુર સ્પેશિયલ અનરિઝર્વ્ડ ટ્રેન રવિવાર, 26 એપ્રિલ, 2026 ના રોજ બાંદ્રા ટર્મિનસથી 00:30 વાગ્યે ઉપડશે અને બીજા દિવસે 18:15 વાગ્યે ગોરખપુર પહોંચશે. આ ટ્રેન બંને દિશામાં બોરીવલી, વાપી, સુરત, વડોદરા, રતલામ, કોટા, સવાઈ માધોપુર, ગંગાપુર શહેર, હિંડૌન શહેર, બયાના, ભરતપુર, મથુરા, હાથરસ શહેર, કાસગંજ, બરેલી શહેર, ઈજ્જતનગર, પીલીભીત, મૈલાની, સીતાપુર, બુરહવાલ, ગોંડા, બસ્તી અને ખલીલાબાદ સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે અને તે ખાસ ભાડા પર અનરિઝર્વ્ડ સ્પેશિયલ ટ્રેન તરીકે દોડશે.

૩૦ એપ્રિલે વડોદરામાં નિષ્ણાત CA નિરવ શાહ આપશે વ્યાવહારિક માર્ગદર્શન

રિયલ એસ્ટેટમાં GST પર માર્ગદર્શન માટે સેન્ટ્રલ ગુજરાત ચેમ્બરનું સેમિનાર આયોજન

બિલ્ડર્સ, ડેવલપર્સ અને કોન્ટ્રાક્ટર્સ માટે મહત્વપૂર્ણ મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા

જ્ઞાનવર્ધક કાર્યક્રમોનું સતત આયોજન કરવામાં આવી રહ્યું છે

(પ્રતિનિધિ) વડોદરા, તા.25

Central Gujarat Chamber of Tax Consultants દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન સભ્યો અને તેમના સ્ટાફના જ્ઞાનમાં વધારો થાય તે હેતુથી શૈક્ષણિક કાર્યક્રમોની શ્રેણી અંતર્ગત એક મહત્વપૂર્ણ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૩૦ એપ્રિલ, ૨૦૨૬ના રોજ ગુરુવારે સાંજે ૪:૦૦ થી ૬:૦૦ દરમિયાન વડોદરાના સયાજીગંજ વિસ્તારમાં આવેલ વાકડ સેવા કેન્દ્ર (પાર્શી અગિયારી નજીક) ખાતે "રિયલ એસ્ટેટમાં GST" વિષય પર સેમિનાર યોજાશે. આ સેમિનારમાં વિષય નિષ્ણાત ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ નિરવભાઈ શાહ દ્વારા રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં લાગુ પડતી GSTની જોગવાઈઓ અંગે માર્ગદર્શન આપવામાં આવશે. સત્ર દરમિયાન બિલ્ડર્સ, ડેવલપર્સ અને કોન્ટ્રાક્ટર્સને પડતી સામાન્ય સમસ્યાઓ, ડેવલપમેન્ટ એગ્રીમેન્ટ અને રી-ડેવલપમેન્ટની ટેક્સેબિલિટી, સરકારી કોન્ટ્રાક્ટ્સ સંબંધિત મુદ્દાઓ તેમજ તાજેતરના કેસ કાયદાઓ પર વિગતવાર ચર્ચા કરવામાં આવશે. ચેમ્બર પ્રમુખ એડવોકેટ દીપકભાઈ અમિને જણાવ્યું હતું કે આ સેમિનાર માત્ર ચેમ્બરનાં સભ્યો અને તેમના સ્ટાફ માટે રાખવામાં આવ્યો છે

અને તેમાં હાજરી માટે પૂર્વ નોંધણી ફરજિયાત રાખવામાં આવી છે. ચેમ્બર સચિવ ધર્મેશભાઈ ગાંધીએ સભ્યોને સમયસર નોંધણી કરાવવા અનુરોધ કર્યો છે. ચેમ્બર દ્વારા વર્ષ દરમિયાન આવા જ્ઞાનવર્ધક કાર્યક્રમોનું સતત આયોજન કરવામાં આવી રહ્યું છે, જેથી સભ્યોનો વ્યાવસાયિક નોલેજ બેંક વધુ મજબૂત બની શકે.

પ્રોગ્રામનો મુખ્ય હેતુ કાર્યરત કર્મચારીઓના સ્વાસ્થ્યમાં સુધારો લાવવાનો છે

વિશ્વ રસીકરણ સપ્તાહ નિમિત્તે પુખ્ત વયના લોકો માટે વિશેષ રસીકરણ અભિયાન શરૂ

આરોગ્ય સેવાઓ માત્ર સારવાર પૂરતી મર્યાદિત ન રહી, પરંતુ લાંબા ગાળાના વેલનેસને જીવનશૈલીનો ભાગ બનાવવો જરૂરી છે

(પ્રતિનિધિ) વડોદરા, તા.25

વડોદરાની આદિકુરા સુપરસ્પેશિયાલિટી હોસ્પિટલ દ્વારા "પલ્સ 360" નામનો સર્વગ્રાહી કોર્પોરેટ વેલનેસ પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો છે. આ પ્રોગ્રામનો મુખ્ય હેતુ કાર્યરત કર્મચારીઓના સ્વાસ્થ્યમાં સુધારો લાવી વધુ સ્વસ્થ અને ઉત્પાદક વર્કફોર્સ તૈયાર કરવાનો છે. "પલ્સ 360" હેઠળ નિવારક, ઉપચારાત્મક, પ્રોત્સાહક અને પુનઃસ્થાપિત આરોગ્ય સેવાઓને એકીકૃત કરીને કર્મચારીઓને સંપૂર્ણ હેલ્થ સપોર્ટ આપવામાં આવશે. હોસ્પિટલના અધ્યક્ષ ડૉ. સુમિત કાપડિયાએ જણાવ્યું હતું કે આરોગ્ય સેવાઓ માત્ર સારવાર પૂરતી મર્યાદિત ન રહી, પરંતુ લાંબા ગાળાના વેલનેસને જીવનશૈલીનો ભાગ બનાવવો જરૂરી છે. આ સાથે વિશ્વ રસીકરણ સપ્તાહ નિમિત્તે હોસ્પિટલ દ્વારા એડલ્ટ વેક્સિનેશન ડ્રાઇવ પણ શરૂ કરવામાં આવી છે. જેમાં ઈન્ફ્લુએન્ઝા, હેપેટાઇટિસ A અને B, HPV, ન્યુમોકોકલ ઇન્ફેક્શન, ટેટનસ અને ટાઇફોઇડ જેવી ગંભીર બીમારીઓ સામે રસી ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. નિષ્ણાતોના જણાવ્યા મુજબ બાળપણમાં લેવાયેલી રસીઓનો અસર સમય સાથે ઘટતો હોવાથી પુખ્ત વયે બૂસ્ટર ડોઝ લેવો જરૂરી બને છે. હોસ્પિટલ દ્વારા આ અભિયાનથી સમાજમાં નિવારક આરોગ્ય અંગે જાગૃતિ વધારવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

વીજળી-શાળા વિનાનું ગામ ગુજરાતમાં નકશામાં નથી

ખાપર ગામના મતદારોને 28 કિમી દૂર મતદાન કરવાની ફરજ પડી

સાતપુડાની તળેટીમાં વસેલા ખાપર ગામમાં આશરે 50 ઘરોમાં 250 લોકો વસે છે

(પ્રતિનિધિ) ભરૂચ, તા.25

ભરૂચ જિલ્લાના કરજણ નદી કાંઠે વસેલા ખાપર ગામના મતદારો માટે મતાધિકારનો ઉપયોગ કરવો એ આર્થિક અને શારીરિક રીતે પડકારજનક બની રહ્યો છે. આ ગામના લોકોને ત્રણ દાયકાથી મતદાન માટે 28 કિલોમીટર દૂર આવેલા કાકરાપાડા, આંબાવાડી અને ડાભવણ ગામે જવું પડે છે.

આ વખતે પણ રવિવારે ગામના લગભગ 150 મતદારો મતદાન કરવા માટે આ ત્રણેય ગામોમાં જશે. સાતપુડાની તળેટીમાં વસેલા ખાપર ગામમાં આશરે 50 ઘરોમાં અઢીસો લોકો વસે છે. ગામમાં ન તો વીજળીના થાંભલા છે, ન પ્રાથમિક શાળા, ન તો પાકા રસ્તા. તાજેતરમાં હેન્ડપંપ બનાવવામાં આવ્યા છે, જેનાથી ગ્રામજનોના જીવનમાં સહેજ રાહત થઈ છે. સૌથી વેદનાકાર હકીકત એ છે કે આ ગામની કોઈ સત્તાવાર ઓળખ નથી - ન તો નકશામાં સ્થાન, ન તો પંચાયતમાં અસ્તિત્વ. ગામની સ્થિતિ ઓરિસ્સા, ઝારખંડ કે મેઘાલયના ગાઢ જંગલોમાં વસેલી કોઈ વસાહત જેવી લાગે છે. ગયા વર્ષે દેડિયાપાડાના તલાટી કમ વિકાસ અધિકારીએ (TDO) ખાપર ગામની મુલાકાત લઈને સોલીયા તાલુકા પંચાયત બેઠકમાં ગામનો સમાવેશ કર્યો હતો. છતાંય આ વખતે મતદાન માટે ૨૮ કિમી દૂર જવાનો વારો જ આવ્યો છે.

કર્ણાવતી એક્સપ્રેસ 31 જુલાઈ સુધી બાંદ્રા ટર્મિનસથી શરૂ/સમાપ્ત થશે

વંદે ભારત એક્સપ્રેસ 28 એપ્રિલથી 20 કોચ રેક સાથે કાયમી ધોરણે કાર્યરત થશે

કર્ણાવતી એક્સપ્રેસ માટે કામચલાઉ ટર્મિનલ ફેરફારનો સમયગાળો લંબાવ્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.25

પશ્ચિમ રેલ્વેએ ટ્રેન નં. 22961/22962 મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ વંદે ભારત એક્સપ્રેસ અને ટ્રેન નં. 12933/12934 વટવા/અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ કર્ણાવતી એક્સપ્રેસમાં કાર્યરત ફેરફારો ચાલુ રાખવાની જાહેરાત કરી છે. પશ્ચિમ રેલવે દ્વારા જણાવ્યા અનુસાર, ટ્રેન નં. 22961/22962 વંદે ભારત એક્સપ્રેસમાં 16 કોચથી 20 કોચનો કામચલાઉ વધારો, જે અગાઉ 27 એપ્રિલના રોજ મુસાફરી શરૂ થાય ત્યાં સુધી સૂચિત કરવામાં આવ્યો હતો, તે હવે 28 એપ્રિલના રોજ મુસાફરી શરૂ થયા પછી કાયમી કરવામાં આવશે. ચાર કોચમાં ત્રણ ચેર કાર કોચ અને એક એક્ઝિક્યુટિવ ક્લાસ કોચનો સમાવેશ થાય છે. વધુમાં માહિતી આપી હતી કે ટ્રેન નં. 12933/12934 કર્ણાવતી એક્સપ્રેસના ટર્મિનલમાં કામચલાઉ ફેરફાર, જે અગાઉ 27 એપ્રિલના રોજ મુસાફરી શરૂ થાય ત્યાં સુધી સૂચિત કરવામાં આવ્યો હતો, તે હવે 31 જુલાઈના રોજ મુસાફરી શરૂ થાય ત્યાં સુધી ચાલુ રહેશે. તે મુજબ, આ સમયગાળા દરમિયાન, ટ્રેન મુંબઈ સેન્ટ્રલને બદલે બાંદ્રા ટર્મિનસથી ઉપડશે/ઉપડશે. ટ્રેન નં. 12933 બાંદ્રા ટર્મિનસ-વટવા કર્ણાવતી એક્સપ્રેસ બાંદ્રા ટર્મિનસથી બપોરે 1:55 વાગ્યે ઉપડશે, જ્યારે ટ્રેન નં. 12934 અમદાવાદ-બાંદ્રા ટર્મિનસ કર્ણાવતી એક્સપ્રેસ બાંદ્રા ટર્મિનસ ખાતે બપોરે 1:30 વાગ્યે પહોંચશે. રૂટ પરના સ્ટેશનોના સમયમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં. વધુમાં, કર્ણાવતી એક્સપ્રેસમાં આ સમયગાળા દરમિયાન એક એસી ચેર કાર કોચ સાથે કામચલાઉ ધોરણે વધારો કરવામાં આવશે અને હાલના 21 કોચને બદલે 22 એલએચબી કોચ સાથે દોડશે.

દંતેશ્વરમાં રહેતા નિવૃત્ત કર્મી પરિવાર સાથે નાસિક ગયાને મકાનમાં તસ્કરો ત્રાટક્યા

નિવૃત્ત પોલીસ ફોટોગ્રાફરના બંધ મકાનના તાળાં તોડી ચોરી, ૩.1.98 લાખ મતાની ચોરી

સીસીટીવી ફૂટેજ,એફએસએલ અને ડોગ સ્કવોર્ડની મદદથી તપાસ શરૂ કરાઇ

(પ્રતિનિધિ) વડોદરા, તા.25

વડોદરા શહેરના દંતેશ્વર વિસ્તારમાં આવેલા સોસાયટીમાં નિવૃત્ત પોલીસ ફોટોગ્રાફર પરિવાર સાથે નાસિક ગયા હતા. દરમિયાન તેમના બંધ મકાનને નિશાન બનાવી ચોરો તાળાં તોડી ઘરમાં પ્રવેશ કર્યો હતો ત્યારબાદ સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ મળી અંદાજે રૂ.1.98 લાખની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. પાડોશીએ ફોન કરીને જાણ કરતા નિવૃત્ત કર્મચારીએ પરત આવી ફરિયાદ નોંધાવી છે.

દંતેશ્વર વિસ્તારમાં ચીરાયુનગર સોસાયટીમાં રહેતા 58 વર્ષીય નરેન્દ્રભાઈ શ્રવણભાઈ ભાવસાર તેમના પરિવાર સાથે 19 એપ્રિલ 2026ના રોજ સવારે નાસિક જવા માટે ઘર બંધ કરીને નીકળી ગયા હતા. બીજા દિવસે વહેલી સવારે પાડોશી રંજનાબેન શાલિગ્રામ પાટીલનો ફોન આવતા જાણવા મળ્યું કે તેમના મકાનનું તાળું તૂટેલું છે. ફોન મળ્યા બાદ નરેન્દ્રભાઈએ વડોદરા શહેર કંટ્રોલ રૂમમાં જાણ કરી અને 21 એપ્રિલે વહેલી સવારે ઘરે પરત ફર્યા હતા.

ત્યાં પહોંચતા જ મુખ્ય દરવાજા અને અંદરના દરવાજાના તાળા નકુચા સાથે તૂટેલા જોવા મળ્યા હતા. ઘરમાં પ્રવેશતા સામાન વેરવિખેર હાલતમાં પડેલો હતો અને બેડરૂમમાં રાખેલી લાકડાની તિજોરીનું લોકર ખુલ્લું જોવા મળ્યું હતું. તપાસ કરતાં તિજોરીમાંથી સોનાનું મંગળસૂત્ર, બંગડીઓ, વીંટી, ચાંદીના કડા, પરચુરણ ભરેલા ડબ્બા, લેડીઝ પર્સ તેમજ અંદાજે રૂ.20 હજાર રોકડ મળી રૂ. 1.98 લાખની માલમત્તા ગાયબ હોવાનું જાણવા મળ્યું હતું. આ બનાવ અંગે નરેન્દ્રભાઈએ ચોર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

પોલીસે પાડોશી સહિતના પુરાવાઓના આધારે તપાસ હાથ ધરી છે અને આસપાસના CCTV ફૂટેજ ચકાસી ચોરોનું પગેરું મેળવવા તજવીજ હાથ ધરી છે. પોલીસ દ્વારા એફએસએલ અને ડોગ સ્કવોડની મદદથી પણ તપાસ શરૂ કરાઈ છે.

પાણીગેટ પોલીસ સ્ટેશનના ગુનામાં બે લિસ્ટર બુટલેગર ઝડપાયા

(પ્રતિનિધિ) વડોદરા, તા.25

વડોદરા શહેરના અલગ અલગ વિસ્તારમાં ધમધમતા દારૂના ઉપર ચૂંટણીને લઈને પી.સી.બી દ્વારા સપાટો બોલાવવાનો શરૂ કરાયું છે. તાજેતરમાં જ પાણીગેટ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી દારૂનો જથ્થો ઝડપાયો હતો. જે ગુનામાં સંડોવાયેલા બે લિસ્ટેડ બુટલેગરોને પીસીબીએ ઝડપી પાડ્યા છે. પોલીસ ઈન્સપેક્ટર જે.આર. ગામીતના માર્ગદર્શન હેઠળ પી.સી.બી. સ્ટાફ દ્વારા મળેલી બાતમીના આધારે લીસ્ટેડ બુટલેગર આરોપી સંદીપ ઉર્ફે પુડો રાજુ રાજપુત (રહે. ડભોઈ રોડ, વડોદરા) તથા મયુર ઉર્ફે વિક્કી દિપક કનોજીયા (રહે. ગાજરાવાડી, વડોદરા) ને ઝડપી પાડવામાં આવ્યા છે. બંને આરોપીઓ વિરુદ્ધ અગાઉથી પ્રોહિબિશન, મારામારી, જુગાર અને અન્ય ગંભીર ગુનાઓના અનેક કેસ નોંધાયેલા છે. પોલીસના જણાવ્યા મુજબ, બંને આરોપીઓ સામે પાણીગેટ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પ્રોહિબિશનના ગુનામાં તેઓ વોન્ટેડ હતા. તેમની ધરપકડ બાદ વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

નવરચના યુનિવર્સિટીમાં ACS 2026નું આયોજન

એશિયન સેમિઓટિક્સ પરિષદ પહેલીવાર ભારતમાં યોજાશે

૨૭થી ૨૯ નવેમ્બર દરમિયાન વૈશ્વિક વિદ્વાનોનો મંચ વડોદરામાં તૈયાર

"સમાનતા" થીમ હેઠળ સંસ્કૃતિ, ડિઝાઇન અને ટેકનોલોજી પર આંતરવિષયક ચર્ચા થશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.25

નવરચના યુનિવર્સિટી દ્વારા ૨૭થી ૨૯ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન *એશિયન કોંગ્રેસ ઓફ સેમિઓટિક્સ (ACS 2026)*નું આયોજન કરવામાં આવશે. ભારત ખાતે યોજાતી આ પરિષદની આ પ્રથમ આવૃત્તિ

રહેશે. આ કાર્યક્રમ એશિયન સેમિઓટિક્સ ઈન્ટરનેશનલ એસોસિએશનના માર્ગદર્શન હેઠળ અને યુનિવર્સિટીની સ્કૂલ ઓફ એન્વાયરમેન્ટલ ડિઝાઇન એન્ડ આર્કિટેક્ચર દ્વારા આયોજિત થશે. પરિષદનું મુખ્ય થીમ "સમાનતા" રાખવામાં આવ્યું છે, જેમાં વિવિધ સંસ્કૃતિઓ, દૃશ્ય અભિવ્યક્તિઓ અને ટેકનોલોજીકલ પરિપ્રેક્ષ્યોમાં અર્થ કેવી રીતે રચાય છે તે અંગે ચર્ચા કરવામાં આવશે. કાર્યક્રમ દરમિયાન કીનોટ વ્યાખ્યાન, સંશોધન પ્રસ્તુતિઓ અને પેનલ ચર્ચાઓ યોજાશે. આ પરિષદમાં જાપાનના પ્રોફેસર હિડેતાકા ઈશિદા અને ઈટાલીની ટુરિન યુનિવર્સિટીના પ્રોફેસર માસિમો લિઓને કીનોટ સ્પીકર તરીકે ઉપસ્થિત રહેશે. પરિષદ માટે સંશોધકોને ૨૧ મે, ૨૦૨૬ સુધી અભ્યાસના સારાંશ મોકલવા આમંત્રણ આપવામાં આવ્યું છે. પસંદ થયેલા સંશોધન પેપર્સને સ્કોપસ ઈન્ડેક્સ્ડ પ્રકાશનમાં સ્થાન મળવાની શક્યતા દર્શાવવામાં આવી છે. આ પરિષદ વૈશ્વિક સ્તરે વિચારવિમર્શ માટે મહત્વપૂર્ણ મંચ પૂરું પાડશે.